# SAMVAD E-JOURNAL

ISSN (Online) :2583-8334

(International Peer-Reviewed Refereed Journal)

Volume 4, Issue-1, January to March : 2026

Published by Rangmati Publication http://www.rangmatipublication.com/


## Dr. Babasaheb Ambedkar's Contribution to Indian Labour Reforms

## ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભારતીય શ્રમ સુધારામાં યોગદાન


Dr. PRAFUL R. SOLANKI

B.A. M.A. GSET. Ph.D

(ECONOMICS)



❖ *સારાંશ :*

*ભારતના શ્રમ પરિદૃશ્યમાં બાબા સાહેબ આંબેડકરે તેમના કાર્યકાળ દરમિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આધુનિક શ્રમ સુધારાઓને આકાર આપવામાં સરકારના શ્રમ સભ્ય તરીકે તેમના પરિવર્તનશીલ યોગદાનને ભૂલી શકાય તેમ નથી. ખાસ કરીને મહિલાઓ માટે પ્રસૂતિ લાભો, મહિલા મજુર કલ્યાણ ભંડોળ, મહિલા અને બાળ મજૂર સુરક્ષા કાયદો, માઈન્સ મેટરનિટી બેનિફિટ એક્ટ, કોલસાની ખાણોમાં ભૂગભકાર્ય પર મહિલાઓની રોજગારી પર પ્રતિબંધ, મહિલાઓને મત આપવાનો અધિકાર, વગેરે કલ્યાણકારી જોગવાઈઓમાં સુધારા કર્યા, ડૉ. આંબેડકરે શ્રમ કલ્યાણ માટે એક માળખાગત ત્રિપક્ષીય - નોકરીદાતાઓ, કર્મચારીઓ અને સરકાર વચ્ચે સહયોગનો અભિગમ રજૂ કર્યો. કામદારોની પરિસ્થિતિઓમાં વ્યાપક આંતરદષ્ટિ એકત્રિત કરવા માટે શ્રમ તપાસ સમિતિની રચના કરી પ્રોત્સાહન આપ્યું. ફેક્ટરી એક્ટ અને ખાસ કાયદા, કામના કલાકોમાં ઘટાડો, સામાજિક સુરક્ષા સુધારાઓનું સમર્થન કર્યું. ઔદ્યોગિક અકસ્માતો માટે વળતર અને માંદગી વીમો. લઘુત્તમ વેતન કાયદા અને ટ્રેડ યુનિયન માન્યતા વધુમાં મોંઘવારી ભથ્થાં વધારો (DEARNESS ALLOWANCE), રજા (LIVE BENEFIT ) પગાર ધોરણનું પુનરાવર્તન (REVISION OF SCALE OF PAY) પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરને આભારી છે. આ માટે તેનો આભાર માનવો અનિવાર્ય જણાય છે. શ્રમ કલ્યાણ પ્રત્યેનો તેમનો સર્વાંગી અભિગમ માત્ર કાર્યકારી પરિસ્થિતિઓમાં સુધારો કરવાની પ્રતિબદ્ધતા જ નહીં પરંતુ માળખાકીય અસમાનતાઓને પડકારવા માટેના ઊંડા મિશનને પણ પ્રતિબિંબિત કરે છે*



❖ ***મુખ્યચાવીરૂપશબ્દો (Keywords):***

- ***શ્રમસુધારા (Labour Reforms),***
- ***ભારતીય બંધારણ,***
- ***કામકાજનાકલાકો***
- ***સામાજિકસુરક્ષા***
- ***ટ્રેડયુનિયન***
- ***લઘુત્તમવેતન***


**૧. પ્રસ્તાવના :**

જો ભારતમાં મજૂરી કરનારાઓનો હક સુરક્ષિત કરનાર કોઈ વ્યક્તિ હોય, તો તે બીજું કોઈ નહીં, પરંતુ તે "આધુનિક ભારતના પિતા" અને ક્રાંતિકારક ડૉ. બાબાસાહેબ આંબેડકર હતાં. તે. બાબાસાહેબ આંબેડકર ના હોત, તો આજે ભારતમાં શ્રમિકોનું ભવિષ્ય અંધકારમાં હોત. તે ભારતમાં એકમાત્ર નેતા હતાં જે બહુપરિમાણીય અને મહાન સ્વપ્નદ્રષ્ટા હતાં. ડૉ. બાબાસાહેબ આંબેડકરે અન્ય કોઈ રાષ્ટ્રમાં જન્મ લીધો હોત તો ચિંતિત રાષ્ટ્ર તેમના પર ગૌરવ અનુભવી વિવિધ ક્ષેત્રે તેમના યોગદાન માટે અસંખ્ય પુરસ્કાર આપ્યાં હોત, પરંતુ દુ:ખની વાત તો એ છે કે તે સૌથી વધુ જાતિવાદમાં માનનાર એવા ભારત દેશામાં જન્મ્યાં હતાં. આથી જ કહેવાતી ઉચ્ચ જાતિઓએ ક્યારેવ એક મહાન રાષ્ટ્રનિર્માણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના ફાળાને શ્રેય આપ્યો ન હતો.

કોઇપણ દેશ માટે શ્રમ સુધારા હંમેશા સામાજિક-આર્થિક પરિવર્તનના કેન્દ્રમાં રહ્યા છે, તે સમાનતાને પ્રોત્સાહન આપે છે અને ટકાઉ વિકાસને આગળ ધપાવે છે. ભારતના સંદર્ભમાં, આ મહત્વપૂર્ણ વિકાસ ડૉ. બી. આર. આંબેડકરના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વને આભારી છે, કે. બાબાસાહેબ આંબેડકરના મતે - શ્રમિક વર્ગ જેમને દરેક રીતે ભિક્ષાવૃત્તિ આપવામાં આવે છે અને જેમની પાસે બચાવવા માટે બહુ ઓછું હોય છે. તેઓ હંમેશા રાષ્ટ્રવાદ ના કહેવાતા કારણોસર પોતાનું બલિદાન આપે છે. રાષ્ટ્રવાદ કે જેના માટે તેઓ તેમની ઇચ્છાનું બલિદાન કરે છે. તે રાષ્ટ્રવાદ જયારે સ્થાપિત થશે ત્યારે તેમને સામાજિક અથવા આર્થિક સમાનતા આપશે કે કેમ તેની પૂછપરછ કરવાની તેઓએ ક્યારેય કાળજી લીધી નથી. ઘણી વાર નહિં, મુક્ત સ્વતંત્ર રાષ્ટ્ર - રાજ્ય જે સફળ રાષ્ટ્રવાદમાંથી ઉભરે છે અને જે તેમના બલિદાન પર નિર્ભર હોવ છે, તેઓ તેમના સ્વામીના આધિપત્ય હેઠળ કામદાર વર્ગનો દુશ્મન બની જાય છે. આ

સૌથી ખરાબ પ્રકારનું શોષણ છે જેણે શ્રમને પોતાને આધીન રહેવા દીધો છે." આ અભ્યાસ પેપરમાં શ્રમ ક્ષેત્રોના રક્ષણ માટેના બાબાસાહેબ આંબેડકર સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

**૨. અભ્યાસનો ઉદેશ્ય :-**

- ભારતનાશ્રમકાયદાઓનાઘડતરમાંડૉ. આંબેડકરનીભૂમિકાનીતપાસકરવી.
- શ્રમિકોમાટેનાકલાકો, વેતનઅનેરજાઓસંબંધિતસુધારાઓનુંઅભ્યાસકરવો.
- મહિલાશ્રમિકોમાટેતેમણેકરેલાવિશેષકાયદાકીયજોગવાઈઓનોઅભ્યાસકરવો.
- વર્તમાનશ્રમનીતિપરતેમનાવિચારોનીપ્રસ્તુતતાતપાસવી.

આ અભ્યાસનો હેતુ ભારતમાં બાબાસાહેબ આંબેડકરે કરેલા કાર્યો અને શ્રમ સુધારક તરીકેના વારસાને રેખાંકિત કરવાનો છે, તેમણે માત્ર શ્રમ સુધારા અને નીતિઓને આકાર આપ્યો જ નહીં પરંતુ ભારતીય સંદર્ભમાં ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોને પણ ફરીથી વ્યાખ્યાવિત કર્યા હતાં.

**૩.અભ્યાસની પદ્ધતિ અને માહિતી :**

વર્તમાન અભ્યાસ માટે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ ગૌણ માહિતી જેવી વિશ્વસનીય ન્યુઝ પેપરના લેખો, સંશોધન પેપર, સરકારી અહેવાલો, દસ્તાવેજ અને પ્રકાશનો, ઈન્ટરનેટ વગેરે પર આધાર રાખે છે.

**૪.ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભારતીય શ્રમ સુધારામાં યોગદાનઃ**

ડૉ. આંબેડકરના કાર્યકાળ દરમિયાન ત્રિપક્ષીય સંસ્થાઓ વધુ સક્રિય બની હતી. ૭ ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ નવી દિલ્હીમાં તેમની અધ્યક્ષતામાં યોજાયેલી ત્રિપક્ષીય શ્રમ પરિષદ દરમિયાન, ડૉ. આંબેડકરે કહ્યું હતું કે, "આ શ્રમ પરિષદોના ઇતિહાસમાં પહેલી વાર એવું બન્યું છે કે નોકરીદાતાઓ અને કર્મચારીઓના પ્રતિનિધિઓને સંયુક્ત પરિષદના દાયરામાં સામસામે લાવવામાં આવ્યા છે. જુલાઈ ૧૯૪૨ અને જૂન ૧૯૪૬ વચ્ચે, ભારતીય શ્રમ પરિષદ ચાર વખત મળી – ઓગસ્ટ ૧૯૪૨, સપ્ટેમ્બર ૧૯૪૩, ઓક્ટોબર ૧૯૪૪ અને નવેમ્બર ૧૯૪૫-જ્યારે સ્થાયી શ્રમ સમિતિએ આઠ વખત બેઠક બોલાવી હતી. 1942 અને 1946ની વચ્ચે ડો. બાબાસાહેબ આંબેડકરે શ્રમિકો માટે મજુર આગેવાન તરીકે અને વાઇસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મજુર સભ્ય તરીકે તેમણે જે મહત્વની કામગીરી કરી હતી. તેમના કાર્યસૂચિની સમીક્ષા પરથી જાણવા મળે છે કે આ બેઠકો દરમિયાન સરકારની શ્રમ નીતિના તમામ મહત્વપૂર્ણ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તે નીચે મુજબ છે.

- **ફેક્ટરીના કામકાજના કલાકોમાં ઘટાડો** : આજે ભારતમાં દિવસમાં કામકાજનો સમય 8 કલાક છે, પરંતુ તે પહેલા 14 કલાકનો હતો. 27 નવેમ્બર 1942માં નવી દિલ્હીમાં ભારતીય મજૂર પરિષદમાં ડો. બાબાસાહેબ આંબેડકરે કામકાજના સમયને 14 કલાકથી ઘટાડીને 8 કલાક કર્યો હતો.
- **ડો. બાબાસાહેબ આંબેડકરે ભારતમાં મહિલા મજૂરો માટે ઘણા કાયદા ઘડ્યા હતા.** : મને ખબર નથી કે કેટલી મહિલાઓ જાણતી હશે કે જુલાઇ 1928માં બોમ્બે વિધાનસભામાં પ્રસૂતિ લાભ બિલ માટે ડો. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા અને યોગદાન મહત્વનું હતું. કારણ કે બોમ્બે વિધાનસભા દ્વારા ભારતમાં 1929માં પસાર કરાયેલ પ્રથમ પ્રસુતિ લાભનો કાયદો હતો.

ડો. બાબાસાહેબ આ અંગે કહ્યું છે કે... "હું માનું છું કે રાષ્ટ્રના હિતમાં જ છે કે માતાએ પૂર્વ-પ્રસૂતિ અવધિ દરમિયાન આરામ કરવો જોઈએ અને ત્યારબાદ પણ. હું આ હકીકતને સ્વીકારવા તૈયાર છું કારણ કે સંરક્ષણ લોકોની કલ્યાણ મુખ્યત્વે સરકારની ચિંતા છે અને તેથી દરેક દેશમાં, જ્યાં પ્રસૂતિ લાભની રજૂઆત કરવામાં આવી છે. " 1942 અને 1946ની વચ્ચે પ્રાંત કારોભારી પરિષદમાં શ્રમ પ્રધાન તરીકે ડો. બાબાસાહેબએ આખા ભારતમાં મહિલાઓ માટે માઇન્સ મેટરનિટી બેનિફિટ બિલ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ કાયદા હેઠળ, ખાણમાં કામ કરતી સ્ત્રીને 8 અઠવાડિયાના સમયગાળા માટે પ્રસૂતિ લાભની હકદાર છે. 8 અઠવાડીયાના આ સમયગાળાને દરેક ચાર અઠવાડીયાના બે ભાગમાં વહેચવામાં આવે છે. એક ભાગ પ્રસૂતિ પહેલા અને બીજો પ્રસૂતિ બાદ, ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા ભારતના તમામ રાજ્યો માટે એક સામાન્ય પ્રસૂતિ લાભ કાયદો -1961 અપનાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત પણ મહિલા મજૂર માટે મહત્વના કેટલાક કાયદા આ મુજબ જેવા મળે છે.

- મહિલા મજુર કલ્યાણ ભંડોળ
- મહિલા અને બાળ મજૂર સુરક્ષા કાયદો
- માઇન્સ મેટરનિટી બેનિફિટ એક્ટ
- કોલસાની ખાણોમાં ભૂગર્ભ કાર્ય પર મહિલાઓની રોજગારી પર પ્રતિબંધ
- મહિલાઓને મત આપવાનો અધિકાર, કાયદેસર રીતે અલગ થવા પર પતિ તરફથી જાળવણી ભથ્થું. વિધવા બાળકને દતક લઇ શકે. માતાની ઇચ્છાશક્તિથી સગીરના વાલીને બદલી શકે, 18 વર્ષથી ઓછી ઉંમર પહેલા લગ્ન પર પ્રતિબંધ વગેરે......
- મહિલાઓને પુરુષની જેમ સંપતિમાં, લગ્નમાં, છુટછેડામાં, વાલીપણામાં, સમાન આધિકાર.
    - કર્મચારી રાજ્ય વીમા (ESI) : શ્રમિકોના હિત માટે છે. બાબાસાહેબ આંબેડકરએ કર્મચારી રાજ્ય વીમા કાયદો ઘડી તેને અમલમાં લાવ્યાં હતાં. આ કાવદો શ્રમિકોને કામ દરમિયાન ઇજા, તબીબી સંભાળ, તબીબી રાજા, શારીરિક અપંગતા, કામદારોને વળતર અને વિવિધ સુવિધાઓની જોગવાઈમાં શ્રમિકોને મદદ કરે છે. તે સમયમાં કર્મચારીઓની સુખાકારી માટે વીમો કાયદો લાવનાર પૂર્વ એશિયાના દેશોમાં ભારત પ્રથમ રાષ્ટ્ર હતું.

- બધા કર્મચારી માટે ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવતા મુદ્દાઓ જેમ કે... મોંઘવારી ભથ્થાં વધારો (DEARNESS ALLOWANCE), રાજા (LIVE BENEFIT ) પગાર ધોરણનું પુનરાવર્તન (REVISION OF SCALE OF PAY) પણ ડો. બાબાસાહેબ આંબેડકરનેઆભારી છે. આ માટે તેનો આભાર માનવો અનિવાર્ય જણાય છે.
- કોલસા અને અબરખ ખાણ પ્રોવિડન્ડ ફંડમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું વોગદાન મહત્વનું રહ્યું હતું. તે સમયે કોલસા ઉદ્યોગ ભારતની અર્થવ્યવસ્થા માટે મહત્વનો ઉદ્યોગ ગણાતો હતો. ડો. બાબાસાહેબ આંબેડકરએ 31 જાન્યુઆરી 1944માં શ્રમિકોના લાભમાટે કોલસા ખાણ સેફટી સુધારણા બિલ અમલમાં લાવ્યા હતાં તથા 8 એપ્રિલ 1946માં અબરક ખાણ મજૂર કલ્યાણ ફંડ દ્વારા શ્રમિકોને આવાસ,પાણી પુરવઠો, શિક્ષણ, સહકારી વ્યવસ્થા અને મનોરંજન વગેરે માટે મદદ કરે છે આ ઉપરાંત ડો. બાબાસાહેબ આંબેડકરએ મજૂરના કલ્યાણ માટે બી. પી. અગરકરની હેઠળ સલાહકાર સમિતિની પણ રચના કરી હતી.
- રાષ્ટ્રીય રોજગાર એજન્સી (Employment Exchange) : ડો. બાબાસાહેબ આંબેડકરએ રોજગાર વિનિમયની સ્થાપના કરવા માટે મહત્વની ભૂમિકા ભજવી હતી.
- ભારતીય આંકડાકીય કાયદો : ડો. બાબાસાહેબ આંબેડકરએ 1942માં ભારતીય આંકડા અધિનિયમ પસાર કર્યો હતો. ડી. કે. પેસેંડેરી ( ભારત સરકારના ભુતપૂર્વ નાયબ આચાર્ય, માહિતી અધિકારી) એ તેમના પુસ્તકમાં જણાવ્યું હતું કે ડો. બાબાસાહેબ આંબેડકરના ભારતીય આંકડા અધિનિયમ વિના મજૂરની સ્થિતિ, વેતનદર, અન્ય આવક, ફુગાવો, દેવું, રોજગારી, થાપણો અને અન્ય ભંડોળ, મકાન, મજૂર વિવાદ વગેરે... તૈયાર ન થયું હોત.
- ડો બાબાસાહેબ આંબેડકરએ 1942માં "ત્રિપક્ષીય મજૂર પરિષદ" ની સ્થાપના કરી હતી. જેમાં કામદારો માટેના સામાજિક સુરક્ષાના પગલાંની રક્ષા કરવામાં આવી, કામદારો અને માલિકોને મજૂરનીતિ ઘડવામાં ભાગ લેવાની સમાન તક મળી અને ટ્રેડ યુનિયનની ફરજિયાત માન્યતા રજૂ કરીને મજૂર આંદોલનને મજબૂત બનાવવું વગેરે... આજે પણ ઔદ્યોગિક વિવાદ અશાંતિના નિરાકરણ માટે ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા સૂચવેલા ટ્રિબ્યુનલ સિસ્ટમ ભારતમાં ઓધોગિક સમસ્યાઓના નિરાકરણ માટેની વ્યાપકરૂપ પદ્ધતિ છે.
- આજે કામદારો તેમના હક માટે હડતાલ પર ઉતરી શકે છે, તો તે ડો. બાબાસાહેબ આંબેડકરના કારણે- તેમણે કામદારો દવારા "રાઇટ ટુ હડતાલ" ને સ્પષ્ટપણે માન્યતા આપી હતી. 8 નવેમ્બર 1943ના રોજ ટ્રેડ યુનિયન ની ફરજિયાત માન્યતા માટે "ટ્રેડ યુનિયન (સુધારણા) બિલ લાવ્યાં હતાં.
- જાતિને (સેક્સ) ધ્યાનમાં લીધા વિના સમાન કામ માટે સમાન પગાર : ડો. બાબાસાહેબ આંબેડકર અએવા પ્રથમ વ્યક્તિ હતા જેમણે વાઇસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મજૂર પ્રધાન તરીકે ઔદ્યોગિક કામદારોને ભરતમાં "લિંગને ધ્યાનમાં લીધા વિના સમાન કામ માટે સમાન પગાર લાવ્યા હતાં.
- શ્રમ ને "સમકાલીન સૂચિ" માં મૂકવામાં મુખ્ય અને મજૂર કમિશ્નરો નીમવામાં, લેબર ઈન્વેસ્ટિગેશન કમિટીની રચનામાં આરોગ્ય વીમા યોજના, ફેકટરી સુધારો કાયદો, ન્યુનત્તમ વેતન અધિનિયમમાં, ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન મહત્વનું રહ્યું હતું

**૫.મુખ્ય તારણો (Major Findings)**

સંશોધન દરમિયાન નીચે મુજબના મહત્વના મુદ્દાઓ તારવી શકાય છેઃ

- કામના કલાકોમાં ઘટાડોઃ ભારતમાં પહેલા કામદારોએ ૧૨ થી ૧૪ કલાક કામ કરવું પડતું હતું. ડૉ. આંબેડકરે નવેમ્બર ૧૯૪૨માં બ્રિટિશ ભારતમાં કામના કલાકો ઘટાડીને ૮ કલાક કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો.
- લઘુત્તમ વેતન અધિનિયમઃ તેમણે ભારતમાં 'લઘુત્તમ વેતન' (Minimum Wages Act) નો પાયો નાખ્યો જેથી કામદારોનું શોષણ અટકાવી શકાય.
- મહિલા કામદારોનું કલ્યાણઃ 'માતૃત્વ લાભ અધિનિયમ' (Maternity Benefit Act) દ્વારા તેમણે મહિલાઓને પ્રસૂતિ દરમિયાન રજા અને આર્થિક સહાય મળે તેવા કાયદાકીય સુધારા કર્યા.
- વીમા અને તબીબી સહાયઃ એમ્પ્લોયી સ્ટેટ ઇન્સ્યોરન્સ (ESI) જેવી યોજનાઓ પાછળ ડૉ. આંબેડકરનો વિચાર હતો કે કામદારોને બીમારી કે અકસ્માત સમયે નાણાકીય સુરક્ષા મળવી જોઈએ.
- ત્રિપક્ષીય શ્રમ પરિષદઃ માલિક, કામદાર અને સરકાર ત્રણેય સાથે મળીને પ્રશ્નો ઉકેલે તેવી વ્યવસ્થા (Tripartite Labour Conference) તેમણે અમલી બનાવી.

**૬.નિષ્કર્ષ :**

ભારતના શ્રમ પરિદશ્યમાં બાબા સાહેબ આંબેડકરે તેમના કાર્યકાળ દરમિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આધુનિક શ્રમ સુધારાઓને આકાર આપવામાં સરકારના શ્રમ સભ્ય તરીકે તેમના પરિવર્તનશીલ યોગદાનને ભૂલી શકાય તેમ નથી. શ્રમ કલ્યાણ પ્રત્યેનો તેમનો સર્વાંગીઅભિગમ માત્ર કાર્યકારી પરિસ્થિતિઓમાં સુધારો કરવાની પ્રતિબદ્ધતા જ નહીં પરંતુ માળખાકીય અસમાનતાઓને પડકારવા માટેના ઊંડા મિશનને પણ પ્રતિબિંબિત કરે છે. ડૉ. આંબેડકરના સુધારાઓએ માત્ર તાત્કાલિક પડકારોનો સામનો જ કર્યો નહીં પરંતુ ભારતના શ્રમ બજારમાં કામદાર કલ્યાણ અને સામાજિક સમાનતા

માટે કાયમી પાયો પણ નાખ્યો. આમ, ડૉ. બાબાસાહેબ આંબેડકરે શ્રમિક વર્ગ માટે જે કાયદાઓથયા તેના લીધે તે સચા અર્થમાં શ્રમિક વર્ગના તારણહર સાબિત થાય છે.

**સંદર્ભ સૂચિઃ**


- Dr. Babasaheb Ambedkar Writings and Speeches Volume 10 Dr. Babasaheb Ambedkar as Member of theGovernor General's Executive Council (1942-46)
- Volume 1 annihilation of Cast by Dr. Babasaheb Ambedkar
- https://countercurrents.org/2017/04/the-forgotten-message-of-ambedkar-to-the-working-clase
- https://www.drmbedkar.co.in/about/unknown-facts/
- https://www.quora.com/Is-Dr-Babasaheb Ambedkar-a-Saviour-of-Labour-Rights-in-india